## ☐ ક. ૯૭. નગરપાલિકાની સત્તા તહકૂબ રાખવામાં આવ્યેથી કલેકટર અધિકારીની નિમણૂંક કરવા બાબત :

નગરપાલિકાને આપવામાં આવેલી સત્તા કલમ ૯૬ અન્વયે પાછી ખેંચી લેવામાં આવ્યે, કલેકટરે જમીન મહેસૂલની વસુલાત અથવા નગરમાંના ઉપકરોની ઉઘરાણી માટે એક અધિકારીની નિમણૂક કરવી જોઈશે.

## B-(ખ) રાજ્ય સરકારનાં કાર્યોની સોંપણી

## ☐ ક. ૯૮. નગરપાલિકાઓને રાજ્ય સરકારનાં કાર્યોની સોંપણી :

(૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, રાજ્ય વિધાનમંડળને જે કોઈ અધિનિયમ અન્વયે અથવા અન્યથા રાજ્યની કારોબારી સત્તા હેઠળ રાજ્ય સરકાર અથવા સરકારના કોઈ અધિકારી દ્વારા બજાવવામાં આવતા હોય તેવાં કોઈ બાબતને લગતાં અને નગરની અંદર ઉપસ્થિત થતી બાબતોને લગતાં અને વહીવટી પ્રકારના હોવાનું જણાતા કોઈ કાર્યો અને ફરજો પોતાને મૂકવાને યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને નગરપાલિકાને સોંપી શકશે અને આવી રીતે કાર્યો અને ફરજો સોંપવામાં આવે એટલે, નગરપાલિકા એવી રીતે સોંપાયેલ કાર્યો અને ફરજો બજાવી શકે તે માટે આવશ્યક હોય તેટલું ભંડોળ અને તેટલો સ્ટાફ નગરપાલિકાને તેણે ફાળવવો જોઈશે.

(૨) પેટાકલમ (૧) જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, રાજ્ય સરકાર, રાજ્યના નીચેનાં ખાતા દ્વારા બજાવતાં કાર્યો અને ફરજો સોંપી શકશે, એટલે કે–

(૧) ખેતી

(૨) પશુપાલન

(૩) જાહેર આરોગ્ય અને તબીબી રાહત

(૪) જિલ્લામાંની જાહેર બાંધકામ ખાતાની પ્રવૃત્તિઓ

(૫) સમાજ કલ્યાણ

(૬) મહેસૂલ ખાતું

(૭) નશાબંધીને લગતા પ્રચાર પૂરતું નશાબંધી ખાતું

(૮) સહકારી ખાતું

(૯) કુટિર ઉદ્યોગો અને નાના પાયા પરના ઉદ્યોગો

(૧૦) જિલ્લા આંકડા અધિકારીનું કાર્યાલય.

(૩) કોઈ અધિનિયમ અથવા તે અન્વયે સોંપાયેલ કાર્યો અને ફરજો એવી રીતે સોંપ્યા હોય અથવા આપ્યા હોય ત્યારે તે અધિનિયમનો જાણે આ કલમ તે અધિનિયમમાં દાખલ કરવામાં આવી હતી, તેમ અમલ થશે.

☐

Scanned with CamScanner